# સુમુલ ડેરીમાં 1000 કરોડના કામોમાં કથિત ભ્રષ્ટાચારનો મામલો ગરમાયો

**કલમ-86** હેઠળની તપાસનો વિગતવાર રિપોર્ટ સ્ટેટ રજિસ્ટ્રારને સુપરત

**દૂધની** મલાઈ ઉતારનારાઓ સામે કાર્યવાહી થશે કે ફરી 'ઘીના ઠામમાં ઘી' ભળી જશે?

### આ આક્ષેપો કરવામાં આવ્યા હતાં

- » માન્યને બદલે નજીકના સપ્લાયરો પાસેથી ઊંચા ભાવે દવા ખરીદી
- » પાર્લર તથા અન્ય મિલ્કત નજીવા ભાડે આપી સંસ્થાને કરોડો રૂપિયાનું નુકસાન
- » પશુપાલકોના નામે વ્યાજમુક્ત લોન તરીકે 80 કરોડથી વધુનો અન્યત્ર ઉપયોગ
- » ફેડરેશનની મંજૂરી વિના બેકરી અને પાવડર પ્લાન્ટ જેવા મોટા પ્રોજેક્ટ્સ હાથ ધર્યા

### તો સુમુલની ચૂંટણી માટે કેટલાક ડિરેક્ટર ગેરલાયક ઠરી શકે

જો રાજ્ય રજિસ્ટ્રાર આક્ષેપો અંગે રજૂ થયેલા પુરાવાઓને ગ્રાહ્ય રાખે સુમુલ ડેરીના કેટલાક ડાયરેક્ટરોને ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવવામાં પણ આવી શકે છે. જોકે, સહકારી ક્ષેત્રમાં અગાઉ અનેક તપાસો અંતિમ ઘડીએ રાજકીય સમાધાનમાં સમેટાઈ જવાના ઉદાહરણો સામે આવતાં પશુપાલકોમાં શંકા અને ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે. હવે સૌની નજર રાજ્ય રજિસ્ટ્રારની કચેરી પર ટકેલી છે. શું વર્ષો જૂના કથિત ભ્રષ્ટાચારના મામલે જવાબદારો સામે કડક કાર્યવાહી થશે કે પછી આખી તપાસ ફાઈલોમાં જ દટાઈ જશે? તેનો જવાબ આગામી દિવસોમાં સ્પષ્ટ થશે.

સુરતઃ સુમુલ ડેરીમાં વર્ષ 2015થી 2020 દરમિયાન થયેલી કથિત નાણાકીય ગેરરીતિઓનો મામલો હવે નિર્ણાયક ચરણમાં પહોંચ્યો છે. નવસારીના જિલ્લા રજિસ્ટ્રાર તથા તપાસ અધિકારી ધ્રુવિન પટેલે ગુજરાત સહકારી કાયદાની કલમ-86 હેઠળ હાથ ધરાયેલી તપાસનો વિગતવાર અહેવાલ સ્ટેટ રજિસ્ટ્રારને સુપરત કરતાં સહકારી ક્ષેત્ર અને ડેરી રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

સુમુલ ડેરીની આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટ ચૂંટણી પૂર્વે આ રિપોર્ટ રાજ્યના સહકાર વિભાગને સોંપવામાં આવતાં હવે સવાલો ઉઠી રહ્યા છે કે કથિત ગેરરીતિમાં સંડોવાયેલા તત્કાલીન હોદ્દેદારો સામે કડક કાર્યવાહી થશે કે પછી ભૂતકાળની જેમ સફેદ દૂધની મલાઈ ઉતારનારાઓ સામે કાર્યવાહી થશે કે ફરી 'ઘીના ઠામમાં ઘી' ભળી જશે?

રજિસ્ટ્રાર વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ સુમુલ ડેરીના વર્તમાન ચેરમેન માનસિંહ પટેલ જ્યારે સામાન્ય ડિરેક્ટર હતા ત્યારે તે સમયના પ્રમુખ રાજુભાઈ પાઠક સામે વર્ષ 2015થી 2020 દરમિયાન લાવવામાં આવેલા 1000 કરોડના પ્રોજેક્ટમાં થયેલી ગેરરિતીની તેમણે નરેન્દ્ર મોદીને લેખિત પત્ર લખી ફરિયાદ કરી હતી.આ આક્ષેપો અંગે વર્તમાન વાઇસ ચેરમેન અને પૂર્વ ચેરમેન રાજુભાઈ પાઠકે માનસિંહ પટેલના આક્ષેપોને પુરવાર કરવા પડકાર ફેંક્યો હતો.જોકે સુમુલ ડેરીની 2020 થી 2025 ની ચૂંટણીના પરિણામો પછી માનસિંહ પટેલ પાર્ટીના મેન્ડેટથી ચેરમેન બનતા તેમણે રાજુ પાઠક સામે ભ્રષ્ટાચારના આક્ષેપો ન કર્યા હોવાનું અને ગેર સમજ ફેલાઈ હોવાનો લૂલો બચાવ કરી ફેરવી તોળ્યું હતું. અને સતત્ 5 વર્ષ માનસિંહ પટેલ પ્રમુખ અને રાજુ પાઠક ઉપપ્રમુખ તરીકે કાર્યરત રહ્યાં હતા.આ 5 વર્ષમાં માનસિંહ,પાઠક વિરુદ્ધ વ્યક્તિગત રીતે એક પણ પુરાવો આપવા નિષ્ફળ રહ્યાં હતા.આ મામલામાં વડાપ્રધાન કાર્યાલય દ્વારા સોંપવામાં આવેલી તપાસનો ભરૂચ જિલ્લા રજિસ્ટ્રાર કચેરી દ્વારા રિપોર્ટ પેન્ડિંગ રાખવામાં આવ્યો છે. બીજી તરફ

કાર્યરત રહેલી વ્યવસ્થાપક સમિતિ સામે અનેક નાણાકીય અનિયમિતતાઓના આક્ષેપો સાથે બીપીન ચૌધરી અને બ્રિજેશ પટેલ દ્વારા રાજ્ય રજિસ્ટ્રાર સમક્ષ દસ્તાવેજી પુરાવાઓ સાથે ફરીયાદ કરવામાં આવી હતી.

આ ફરીયાદને ગંભીરતાથી લઈ રાજ્ય રજિસ્ટ્રારે નવસારી જિલ્લા રજિસ્ટ્રાર ધ્રુવિન પટેલને તપાસ અધિકારી તરીકે નિયુક્ત કરી સમગ્ર મામલે તપાસનો આદેશ આપ્યો હતો. વર્ષ 2015થી 2020 દરમિયાનની વ્યવસ્થાપક સમિતિના તત્કાલીન પ્રમુખ રાજુ પાઠક,સહિત કુલ 23 સભ્યોની સંડોવણીના મુદ્દે તપાસ હાથ ધરાઈ હોવાનું જાણવા મળે છે. આ રિપોર્ટ હવે રાજ્ય રજિસ્ટ્રાર સમક્ષ પહોંચતાં આગામી દિવસોમાં કાનૂની તથા વહીવટી કાર્યવાહીનો માર્ગ મોકળો બની શકે છે. સુમુલ ડેરીની ચૂંટણી જાહેર થવાના આરે હોય ત્યારે આ તપાસ રિપોર્ટ ભાજપના બે આંતરિક જૂથો વચ્ચે ચાલી રહેલા રાજકીય સંઘર્ષને વધુ વેગ આપશે તેવી ચર્ચા છે.

'કોચિંગ ક્લાસ'માંથી 'કોલેજ' સુધીનો ગેરકાયદે ખેલ ચાલે છે

# બોગસ સ્ટડી સેન્ટર પર કાર્યવાહી થશે



**એનઓસી** અને સરકારની મંજૂરી વગર ચાલી રહેલા કોર્સથી હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં

**VNSGUની** કડક ચેતવણી બાદ શિક્ષણ માફિયાઓમાં દોડધામ

### એનઓસી અને સરકારની મંજૂરી ફરજિયાત

ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમ-2023 મુજબ કોઈપણ ખાનગી યુનિવર્સિટી અથવા તેના સ્ટડી સેન્ટરને સ્થાનિક વિસ્તારની સંલગ્ન યુનિવર્સિટી પાસેથી એનઓસી મેળવવી આવશ્યક છે. દક્ષિણ ગુજરાત વિસ્તારમાં આ જવાબદારી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પાસે આવે છે. એનઓસી બાદ રાજ્ય સરકારની મંજૂરી લેવી પણ ફરજિયાત છે. પરંતુ અનેક સંસ્થાઓ આ પ્રક્રિયા વિના જ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવી રહી હોવાનું બહાર આવ્યું છે.

### યુનિવર્સિટીના કુલસચિવની જાહેર ચેતવણી

યુનિવર્સિટીના કુલસચિવ આર.સી.ગઢવી દ્વારા જાહેર કરાયેલી ચેતવણીમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને ખાસ સાવચેત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. વાપી, વલસાડ, ડાંગ, નવસારી, સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લામાં માત્ર અધિકૃત અને માન્યતા પ્રાપ્ત કોલેજોમાં જ પ્રવેશ લેવા માટે અપીલ કરવામાં આવી છે. સાથે જ વાલીઓને પ્રવેશ પહેલાં સંસ્થાની માન્યતા, યુનિવર્સિટી જોડાણ અને સરકારી મંજૂરીની ચકાસણી કરવાની સલાહ આપવામાં આવી છે.

### હજારો વિદ્યાર્થીઓની ડિગ્રી પર સવાલ

સૌથી ચિંતાજનક બાબત એ છે કે આવી સંસ્થાઓમાં અભ્યાસ કરતાં હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે. જો સંસ્થા માન્ય ન હોય તો આપવામાં આવતી ડિગ્રી અમાન્ય ગણાઈ શકે, સરકારી નોકરીમાં માન્યતા ન મળે. ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ સમયે મુશ્કેલી ઊભી થાય. વિદ્યાર્થીઓનો સમય અને નાણાં બંને બરબાદ થાય. શૈક્ષણિક વર્તુળોમાં ચર્ચા છે કે ઘણા વિદ્યાર્થીઓ અજાણતાં જ આવી સંસ્થાઓમાં પ્રવેશ લઈ રહ્યા છે.

### ખાનગી યુનિવર્સિટી અને કોચિંગ સેન્ટરની મિલીભગત?

શિક્ષણ ક્ષેત્રમાં હવે એક નવો ટ્રેન્ડ સામે આવી રહ્યો છે, જેમાં કેટલાક ખાનગી કોચિંગ સેન્ટરો સીધા "કોલેજ" તરીકે કામ કરી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ કેટલીક ખાનગી યુનિવર્સિટીઓ આવા કોચિંગ સેન્ટરો સાથે જોડાણ કરી વિદ્યાર્થીઓને ડિગ્રી આપવાના વચનો આપી રહી છે. પરિણામે કોચિંગ ક્લાસીસ જ "સ્ટડી સેન્ટર"બની ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણના નામે ચાલી રહેલા બોગસ સ્ટડી સેન્ટરો અને ખાનગી કોચિંગ ક્લાસીસ સામે હવે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. વીએનએસજીયુ દ્વારા બહાર પાડવામાં આવેલી ગંભીર જાહેર ચેતવણી બાદ સમગ્ર શિક્ષણ ક્ષેત્રમાં ખળભળાટ મચી ગયો છે.

યુનિવર્સિટીએ સ્પષ્ટ જણાવ્યું છે કે રાજ્ય સરકારની મંજૂરી અને યુનિવર્સિટીની એનઓસી વિના કાર્યરત અનેક ખાનગી સ્ટડી સેન્ટરો સંપૂર્ણપણે ગેરકાયદે છે. આવી સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી ડિગ્રીની માન્યતા પણ શંકાસ્પદ ગણાશે. છેલ્લા કેટલાક વર્ષોથી સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ શહેરોમાં કેટલાક ખાનગી કોચિંગ ક્લાસીસ અને ઈન્સ્ટિટ્યૂટોએ શિક્ષણને નફાકારક વેપારમાં ફેરવી દીધું છે. આ સંસ્થાઓ વિદ્યાર્થીઓને આકર્ષવા માટે "રેગ્યુલર કોલેજ વગર ડિગ્રી", "100 ટકા પ્લેસમેન્ટ", "ઓછા ખર્ચે ગ્રેજ્યુએશન" જેવી લોભામણી જાહેરાતો કરી રહી હોવાનું સામે આવ્યું છે. વિદ્યાર્થીઓ અને વાલીઓને એવું સમજાવવામાં આવે છે કે તેઓ જે અભ્યાસ કરી રહ્યા છે તે માન્ય કોલેજ સમકક્ષ છે અને અંતે તેમને ખાનગી યુનિવર્સિટીની ડિગ્રી આપવામાં આવશે. પરંતુ હકીકતમાં ઘણી સંસ્થાઓ પાસે કાયદેસર મંજૂરી જ નથી.

# 20-મેના રોજ ગુજરાતભરની દવાની દુકાનો બંધ પાળશે

**ગેરકાયદેસર** ઓનલાઇન દવાના વેચાણના વિરોધ

**AIની** મદદથી મૃત્યુ પામેલા ડોક્ટરોના પ્રિસ્ક્રિપ્શનનો ઉપયોગ

અમદાવાદ : ગેરકાયદે ઓનલાઈન દવાના વેચાણ સહિતની વિવિધ માંગણીઓને લઈ ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ દ્વારા દેશવ્યાપી બંધનું એલાન આપવામાં આવ્યું છે. જેના અનુસંધાને ગુજરાતમાં પણ 20 મેના રોજ દવાની દુકાનો બંધ રાખી વિરોધ નોંધાવવામાં આવશે. આ અંગે ગુજરાત સ્ટેટ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસિએશનના પ્રમુખ જશવંતભાઈ પટેલે જણાવ્યું હતું કે હાલમાં ગેરકાયદે રીતે ઓનલાઈન દવાઓનું વેચાણ વધી રહ્યું છે, જેના કારણે દવા વ્યવસાય સાથે લોકોના આરોગ્ય પર પણ ગંભીર અસર પડી રહી છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના માધ્યમથી મૃત્યુ પામેલા ડોક્ટરોના પ્રિસ્ક્રિપ્શનનો ઉપયોગ કરીને ગેરકાયદે રીતે દવાઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ગર્ભપાત માટેની દવાઓનું પણ મોટા પાયે ઓનલાઈન વેચાણ થઈ રહ્યું છે.

એસોસિએશને ડુપ્લિકેટ દવાઓ બનાવનાર અને વેચનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ પણ ઉઠાવી છે. આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખી દેશભરના દવા વેપારીઓએ 20મી મેના રોજ એક દિવસ માટે દુકાનો બંધ રાખવાનો નિર્ણય લીધો છે. ગુજરાતમાં અંદાજે 35 હજારથી વધુ દવા વેપારીઓ અને દુકાનદારો 20 મેના રોજ પોતાની દુકાનો બંધ રાખી વિરોધ પ્રદર્શન કરશે. એસોસિએશનએ સરકાર દ્વારા ગેરકાયદે ઓનલાઈન દવા વેચાણ સામે તાત્કાલિક અને કડક પગલાં લેવામાં આવે તેવી મુખ્ય માંગ છે.

દમણમાં ઔદ્યોગિક પ્રદર્શનનું ઉદ્ઘાટન કરતાં કેન્દ્રિય નાણાંમંત્રી

# કોરોનાકાળની જેમ યુદ્ધની સ્થિતિમાં ઉદ્યોગોને ઉગારવાની યોજના છે

**આ** માટે બેંકમાં કોઈ પણ સિક્યુરિટી આપવાની રહેશે નહીં: કેન્દ્રિય નાણાંમંત્રી



દમણઃ સંઘપ્રદેશ દમણમાં શરૂ થયેલા પુસ્તક મેળા અને ઔદ્યોગિક પ્રદર્શનનું કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણએ ઉદ્ઘાટન કરી પ્રદર્શનને ખુલ્લું મૂક્યું છે.

દમણ, દીવ, દાનહ અને લક્ષ્યદ્વિપના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ દમણમાં 7થી 17 મે 2026 સુધી મોટી દમણ લાઈટ હાઉસ બીચ ગ્રાઉન્ડ ખાતે પુસ્તક મેળા અને ઔદ્યોગિક પ્રદર્શનનું આયોજન થવા પામ્યું છે. સવારે 10 વાગ્યાથી શરૂ થનારા આ પ્રદર્શનમાં અલગ અલગ વિષયોના રસપ્રદ અને જ્ઞાન સભર પુસ્તકો મુલાકાતીઓને જોવા મળશે. સાથે દમણ અને દાનહના ઉદ્યોગો દ્વારા વિવિધ ચીજ વસ્તુઓના ઉત્પાદનનું પણ પ્રદર્શન રાખવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘાટન નાણાંમંત્રી નિર્મલા સીતારમણના હસ્તે આજરોજ કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન બાદ તેમણે ડોમની અંદર બનાવવામાં આવેલા ઔદ્યોગિક પ્રદર્શનને નિહાળ્યા બાદ પુસ્તક મેળાની પણ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે દાનહ દમણ દીવમાં થયેલા વિકાસ કાર્યોના વીડિયો પ્રેઝન્ટેશનને પણ નિહાળ્યું હતું.

આ પ્રસંગે વિત્ત મંત્રીએ તેમના ઉદબોધનમાં જણાવ્યું કે, કોરોનાકાળ દરમિયાન ઉદ્યોગોને બેઠા કરવા જે યોજના અમલમાં લાવવામાં આવી હતી, તે યોજનાને મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ અને અમેરિકાના ટેરિફ વોરને કારણે ભારતના ઉદ્યોગોને ઉગારવા માટે ફરી શરૂ કરવામાં આવી છે. આ માટે બેંકમાં કોઈ પણ સિક્યુરિટી આપવાની રહેશે નહીં. વધુમાં તેમણે જણાવ્યું કે, છેલ્લા 70 વર્ષમાં જે વિકાસના કામો થવાના હતા તે કામો મોદી સરકારમાં 10 વર્ષમાં જ કરી દેવામાં આવ્યા છે અને થોડા ઘણા કામો બાકી હતા તે 2024 વર્ષમાં પૂરા કરી દેવાયા છે. આ પ્રસંગે પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલે પોતાના ઉદબોધનમાં શિક્ષણ ક્ષેત્રે બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને બાળકોમાં વાંચનની રૂચિ વધે તેવા આશયથી તમામ પંચાયત વિસ્તારમાં કોમ્પ્યુટર સાથેની અધ્યતન લાયબ્રેરીનું કાર્ય શરૂ કરી દેવાનું જણાવ્યું છે. આજના આયોજિત કાર્યક્રમમાં સરકારી કર્મચારીઓની સાથે સ્થાનિક સ્વરાજના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં લોકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દક્ષિણ ગુજરાતથી શરૂ થશે કોંગ્રેસમાં બળવો !

# ભાજપના એજન્ટોને 'બહાર કાઢી કોંગ્રેસ બચાઓ' અભિયાન શરૂ

**દિલ્હી** AICC સુધી પહોંચશે અસંતોષનો અગ્નિકાંડ, ગુજરાત કોંગ્રેસમાં મોટા રાજકીય ભૂકંપની આહટ

### કોંગ્રેસને ભાજપ નહીં કોંગ્રેસના જ કેટલાક નેતાઓ હરાવે છે

સૂત્રોના જણાવ્યા મુજબ બેઠકમાં કેટલાક આગેવાનોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "કોંગ્રેસને ભાજપ હરાવતું નથી, કોંગ્રેસને કોંગ્રેસના જ કેટલાક નેતાઓ હરાવી રહ્યા છે."બેઠક દરમિયાન "સારો તે કામનો નહીં, મારો તે સારો"ની નીતિ સામે જોરદાર રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. વર્ષોથી મહેનત કરતા કાર્યકર્તાઓને બાજુ પર ધકેલી વ્યક્તિગત જૂથવાદ ચલાવવામાં આવી રહ્યો હોવાના આક્ષેપો પણ થયા હતા.

સુરતઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ કોંગ્રેસના જ આગેવાનો હવે ખુલીને સંગઠન સામે મોરચો માંડી રહ્યા છે. "કોંગ્રેસ બચાઓ અભિયાન"ના નામે શરૂ થયેલી આ નવી રાજકીય ચળવળે ગુજરાત કોંગ્રેસમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે અને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં અમલમાં મુકાયેલા "સંગઠન સૃજન અભિયાન"બાદ હવે પક્ષની અંદર જ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારોને મેન્ડેટ આપવાની સંપૂર્ણ સત્તા જિલ્લા અને શહેર પ્રમુખોને સોંપવામાં આવી હતી. પરંતુ અપેક્ષા કરતાં વિપરીત અને શરમજનક પરિણામો આવ્યા બાદ હવે પક્ષના જ આગેવાનો કેટલાક પ્રમુખો પર "અંદરખાને ભાજપ સાથે સેટિંગ"કરવાના ગંભીર આક્ષેપો કરી રહ્યા છે.

તા. 06 મેના રોજ સુરત સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી ગુપ્ત સમાન મહત્વપૂર્ણ બેઠકમાં કોંગ્રેસના ચિંતિત આગેવાનો એકત્ર થયા હતા. બેઠકમાં ઓલ અન્ડિયા કોંગ્રેસ કમિટીના વરિષ્ઠ નેતા ગૌરવ પંડ્યાની આગેવાની હેઠળ થયેલી ચર્ચામાં સંગઠનની હાલત પર ભારે અસંતોષ વ્યક્ત થયો હતો. કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી દર્શન નાયક સહિત કોંગ્રેસના અનેક નેતા અને આગેવાનો હાજર રહ્યા હતા.

# ગુજરાતની જ્યુડિશરીમાં બદલીનો ગંજીપો ચીપાયો

**૧૫૩** એડીશનલ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજોની બદલી

**અમદાવાદથી** જજ નિકુંજ વ્યાસની બદલી સુરત કરાઈ છે

સુરતઃ ગુજરાત હાઈકોર્ટે આજે ગુજરાત ભરનાં જડ્જોની બદલીનાં ઓર્ડર કર્યા હતા.ગુજરાત ૧૫૩ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ ની બદલીના ઓર્ડર થયાં છે. તેમજ અન્ય જજોની બદલીનાં ઓડર્રો થયાં છે. જેમાં સુરત જ્યુડિશરી માંથી પણ જડ્જોની બદલીનાં ઓર્ડર થયાં છે. સુરતના પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ નરેન્દ્રકુમાર પરમાર ની બદલી જામનગર, સેકન્ડ એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ આર આર ભટ્ટની અમદાવાદ, લેબરકોટના જજ સૌરભ શાહ ની બદલી મહેસાણા, જડજ આર કે મોઢની બદલી ગોંડલ, સ્મોલ કોર્ટના જજ ભાસ્કર ભલીયાની કચ્છ જજ એસએન ગોવાણીની ઉના, સુરતનાં જજ એન જી પરમાર જામનગર ,જડજ મોહિત કુમાર શાહની બદલી મોરબી, જજ મનીષા સ્વામીને રાજકોટ,લેબર જજ કૃષ્ણકાંત પટેલની બદલી ભાવનગર,લેબર જજ હાર્દિક રાજપુરા ને અમદાવાદ બદલીના ઓર્ડરો થયા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે અમદાવાદથી જજ જગદીશ કુમાર બ્રહ્મભટ્ટ, હિંમતનગરના જજ વિરલ પટેલ, પાલનપુર થી જજ પિયુષ પટેલ, અમદાવાદ થી પ્રકાશ ખંનચંદાણી, આણંદ થી જજ સાર્થક વ્યાસ, અમદાવાદથી જજ યુનુસ શેખ, અમદાવાદ થી જજ સનત પંચાલ, અમદાવાદ રૂરલ જજ એન એન પઠાર, અમદાવાદ સીટી નાં જજ દિપક પરમાર, અમદાવાદ રૂરલ ના જજ ઝૈનુલાબેદુન બક્ષી, અરાવલી થી લેબર જજ પીડી જેઠવા, અમદાવાદ ના જજ દિલીપકુમાર પટેલ, અમદાવાદ થી જજ નિકુંજ વ્યાસની બદલી સુરત કરાઈ છે.

# 1 લાખની ઉઘરાણીમાં જૂના ભાગીદારે ત્રણ તમાચા માર્યા

**હીરાના** વેપારીઓ વચ્ચેનો ઝગડો સોશિયલ મીડિયામાં વાયરલ, પોલીસે ગુનો નોંધ્યો

સુરતઃ મોટા વરાછામાં 1 લાખની ઉઘરાણીના મામલે એક યુવક પર જાહેરમાં હુમલો થતા ચકચાર મચી ગઈ છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

મળતી માહિતી અનુસાર ફરિયાદી મહેશભાઈ રાણાભાઈ રાદડિયા અને આરોપી મનસુખ ખીમજીભાઈ માલવિયા ભાગીદારીમાં હીરાકટિંગનો ધંધો કરતાં હતાં. વર્ષ 2023માં ધંધામાં મંદી આવતા અને ખોટ જતા બંનેએ ભાગીદારી છૂટી કરી હતી. આ સમયગાળા દરમિયાન મહેશભાઈએ ઘર ચલાવવા માટે મનસુખભાઈ પાસેથી રૂ.1 લાખ હાથ ઉછીના લીધા હતા. જોકે, આર્થિક સંકડામણને કારણે મહેશભાઈ આ રકમ સમયસર પરત કરી શક્યા ન હતાં. દરમિયાન ગઈ તારીખ 3 મેના રોજ રાત્રે 10:30 વાગ્યાના સુમારે મહેશભાઈ તેમના પુત્ર સાથે કારખાનેથી કામ પતાવી મોટરસાયકલ પર ઘરે જઈ રહ્યા હતા. ત્યારે મોટા વરાછાના યમુના ચોક પાસે આરોપી મનસુખે તેની બાઈક મહેશભાઈની આગળ આડી નાંખી તેમને ઉભા રાખી ગાળો આપવાનું શરુ કર્યું હતું. જેથી મહેશભાઈએ ગાળો બોલવાની મનાઈ કરી ત્યારે ઉશ્કેરાયેલા મનસુખે મહેશભાઈને ત્રણ તમાચા ઝીંકી દીધા હતા અને પીઠના ભાગે મુક્કા માર્યા હતા. આટલેથી મન ન ભરાતા આરોપીએ પોતાની કમરમાં સંતાડેલું તીક્ષ્ણ ચપ્પુ કાઢી મહેશભાઈ પર હુમલો કરવા ધસ્યો હતો. સદનસીબે મહેશભાઈ સમયસૂચકતા વાપરી ખસી જતાં તેમનો જીવ બચ્યો હતો. હોબાળો થતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, જેને જોઈ આરોપી 'તને જીવતો નહીં રહેવા દઉં' તેવી ધમકી આપી ફરાર થઈ ગયો હતો.હુમલાની આ ઘટનાથી ગભરાયેલા મહેશભાઈએ પરિવાર સાથે ચર્ચા કર્યા બાદ અંતે 6 મેના રોજ ઉત્રાણ પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે મનસુખ માલવિયા સામે ગુનો નોંધ્યો હતો.

# સૂર્ય ઘર યોજનામાં સુરત 74 ,940 સોલાર પ્લાન્ટ સાથે રાજ્યમાં પ્રથમ

**ગુજરાતમાં** રૂફટોપ સોલાર સ્થાપનમાં સુરતનો દબદબો, અમદાવાદ બીજા સ્થાને

**ડાંગ** જિલ્લ્માં સૌથી ઓછા માત્ર 19 સોલારનું સ્થાન થયું છે

### શું છે પીએમ સૂર્ય ઘર યોજના?

આ કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી એવી યોજના છે, જેના માધ્યમથી સામાન્ય નાગરિકોને પોતાના ઘરની છત પર સોલાર પેનલ લગાવવા પ્રોત્સાહન આપવામાં આવે છે. યોજનાનો મુખ્ય હેતુ ઘરેલુ વીજ ખર્ચ ઘટાડવો, સ્વચ્છ ઊર્જાનો ઉપયોગ વધારવો અને પરંપરાગત વીજ ઉત્પાદન પરનો ભાર ઓછો કરવો છે. આ યોજના હેઠળ લાભાર્થીઓને સોલાર પેનલ સ્થાપન માટે સરકાર તરફથી સબસિડી આપવામાં આવે છે. સોલાર સિસ્ટમ દ્વારા ઉત્પાદિત વીજળીનો ઉપયોગ ઘરેલુ વપરાશ માટે કરી શકાય છે અને વધારાની વીજળી ગ્રીડમાં પણ આપી શકાય છે.

સુરતઃ કેન્દ્ર સરકારની મહત્ત્વાકાંક્ષી પીએમ સૂર્ય ઘર મફ્ત યોજના હેઠળ ગુજરાતમાં રૂફટોપ સોલાર પેનલ સ્થાપન ઝડપથી આગળ વધી રહ્યું છે. રાજ્યના શહેરોમાં સુરત સૌથી આગળ રહ્યું છે અને અત્યાર સુધીમાં 74 ,940 ઘરમાં સોલાર પેનલ ફિટ કરવામાં આવી છે. આ સાથે સુરત રાજ્યમાં પ્રથમ ક્રમે પહોંચ્યું છે.

સ્વચ્છ ઊર્જા અને વીજ બચત તરફ લોકોનો વધતો ઝુકાવ આ આંકડાઓમાં સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. અમદાવાદ 69 ,522 સ્થાપનો સાથે બીજા ક્રમે છે, જ્યારે રાજકોટ 65 ,514 સ્થાપનો સાથે ત્રીજા સ્થાને રહ્યું છે. સુરતમાં રહેણાંક અને વ્યાવસાયિક બંને ક્ષેત્રોમાં સોલાર ઊર્જા પ્રત્યે નોંધપાત્ર રસ જોવા મળી રહ્યો છે. શહેરમાં લોકો વીજ બિલમાં ઘટાડો અને લાંબા ગાળાની બચતને ધ્યાનમાં રાખીને સોલાર સિસ્ટમ અપનાવી રહ્યા છે. વિશેષજ્ઞોના મતે સુરતના લોકો ટેક્નોલોજી સ્વીકારવામાં આગળ હોવાથી નવી ઊર્જા યોજનાઓને પણ ઝડપથી અપનાવી રહ્યા છે.

### રાજ્યમાં ગ્રીન એનર્જી તરફ મોટું પગલું

ગુજરાત દેશના અગ્રણી ઔદ્યોગિક રાજ્યોમાંનું એક છે અને હવે ગ્રીન એનર્જી ક્ષેત્રે પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ વધતા સોલાર સ્થાપનો રાજ્યને સ્વચ્છ ઊર્જા તરફ આગળ ધપાવી રહ્યા છે. આ યોજના આગામી સમયમાં વધુ ગતિ પકડે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે, કારણ કે વધતા વીજ દરો વચ્ચે લોકો સસ્તી અને સ્થિર ઊર્જા વિકલ્પ તરફ વળી રહ્યા છે.

### કામગીરીમાં ટોપ 10 શહેરો

| શહેર | સંખ્યા |
|---|---|
| સુરત | 74 ,940 |
| અમદાવાદ | 69 ,522 |
| રાજકોટ | 65 ,514 |
| વડોદરા | 50 ,100 |
| જુનાગઢ | 28 ,726 |
| મહેસાણા | 27 ,054 |
| ભાવનગર | 26 ,408 |
| બનાસકાંઠા | 20 ,449 |

### યોજનાના મુખ્ય લાભો:

- » માસિક વીજ બિલમાં ઘટાડો
- » પર્યાવરણમૈત્રી ઊર્જાનો ઉપયોગ
- » લાંબા ગાળે વીજ ખર્ચમાં બચત
- » સરકારની સબસિડીથી ઓછા ખર્ચે સ્થાપન

**અનુસંધાન**... પાના છેલ્લાનું

**લાજપોર જેલ...**

તૈયાર કરવામાં આવે છે. બહારથી બિરયાની, નોનવેજ વાનગીઓ, ફાસ્ટફૂડ અને મનપસંદ ખાવા-પીવાની વસ્તુઓ સરળતાથી બેરેક સુધી પહોંચાડવામાં આવે છે. આ સુવિધાઓ માટે દલાલો દ્વારા મોટી રકમ વસૂલાત કરવામાં આવે છે. માત્ર ખોરાક જ નહીં, પરંતુ જેલમાં મખમલી ગાદલા, આરામદાયક તકિયા, વધારાના પંખા અને ગરમીમાં કુલર જેવી સુવિધાઓ પણ ખાસ કેદીઓને ઉપલબ્ધ કરાવવામાં આવતી હોવાના આક્ષેપો છે. ગરીબ અને સામાન્ય કેદીઓ જ્યાં ભીડભાડવાળી બેરકોમાં જીવતા હોય છે, ત્યાં પ્રભાવશાળી કેદીઓ આરામદાયક 'વી.આઈ.પી. ટ્રીટમેન્ટ' માણતા હોવાની ચર્ચાઓ જોર પકડી રહી છે. વિડીયોમાં જણાવ્યા મુજબ, જેલની અંદર થતી મોટાભાગની લેવડદેવડ G-Pay, ઓનલાઈન વોલેટ અને ડિજિટલ ટ્રાન્સફર મારફતે થાય છે.

**સુરતમાં ગરમીનો...**

માર્ગો પર ગરમીના કારણે સૂનકારો જોવા મળ્યો હતો. ઠંડા પીણાં, શેરડીના રસ અને આઈસ્ક્રીમની દુકાનો પર લોકોની ભીડ વધી ગઈ હતી. ગરમીથી બચવા લોકો છત્રી, ટોપી અને રૂમાલનો સહારો લેતા જોવા મળ્યા હતા. આગામી દિવસોમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરતાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે. નિષ્ણાતોએ ખાસ કરીને બપોરના સમયે અનાવશ્યક બહાર ન નીકળવાની સલાહ આપી છે.

**ડુમસનો દરિયો...**

કરે છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં ઉકાઈ ડેમ અને સુરતના વિયર-કમ-કોઝવેના નિર્માણને કારણે નદીના કુદરતી પ્રવાહનો વેગ ઘટ્યો છે. જ્યારે નદીનો પ્રવાહ ધીમો પડે, ત્યારે તે કાંપને દરિયામાં ઊંડે સુધી ધકેલી શકતી નથી, પરિણામે કિનારા પાસે જમીનનું સ્તર ઊંચું આવતું જાય છે અને દરિયો ક્રમશઃ પાછળ ધકેલાય છે.

**SSCમાં અમદાવાદ...**

આંકડાઓ બહાર આવ્યા તેમાં અમદાવાદ શહેરમાં 1755 અને ગ્રામ્યમાં 1780 મળીને 3535 અને વડોદરામાં 1582 વિદ્યાર્થીઓ જ એ-વન ગ્રેડમાં આવ્યા છે. જ્યારે એકલા સુરત સેન્ટરમાં જ 6475 વિદ્યાર્થીઓ એ વન ગ્રેડમાં આવ્યા છે. સુરતના આંકડા એવું દર્શાવી રહ્યા છે કે અમદાવાદ શહેર-ગ્રામ્ય અને વડોદરાના તમામ એ વન ગ્રેડને ભેગા કરવામાં આવે તો પણ તે સુરત કરતાં ઓછા એ વન ગ્રેડ થાય છે.

**સુરતમાં સૌથી...**


314 વિદ્યાર્થીઓએ એ-1 ગ્રેડ મેળવ્યો છે. જે પી.પી.સવાણી ગૃપ ઓફ સ્કૂલો કરતા વધારે છે.

**25 ટકા...**

સુધી પહોંચી હતી. જ્યારે વેપારીએ પોતાના નાણાંની માંગણી કરી ત્યારે પિતા-પુત્રએ પોતાની અસલી મથરાવટી બતાવી હતી.પોતાની પકડ મજબૂત કરવા અને વેપારીને ભરોસો અપાવવા માટે આરોપીઓએ તેમની ફર્મ 'ન્યુ આઈડિયા' ના યસ બેંક અને SBI બેંકના કુલ 41 ચેક લખી આપ્યા હતા. જેમાં નફા પેટેના 95 લાખથી વધુના ચેકોનો પણ સમાવેશ થતો હતો.

પરવીન દારૂકાએ તો સ્ટેટમેન્ટ પર સહી કરીને લેખિત કબૂલાત પણ આપી હતી કે તે તમામ લેણી રકમ ચૂકવી દેશે. જોકે, આ તમામ વાયદાઓ પોકળ સાબિત થયા હતા. વારંવારની રજૂઆતો છતાં નાણાં પરત ન મળતા આખરે સંજયભાઈ મુરારકાએ ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. મામલો કરોડો રૂપિયાની છેતરપિંડીનો હોવાથી ઉમરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આર્થિક ગુના નિવારણ શાખા (EOW) ને સોંપી છે. પોલીસે આરોપી પિતા-પુત્રની ધરપકડ કરવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.


**સુરતી લોહાણા અવસાન / પ્રાર્થના સભા**



સ્વ. વિનોદભાઇ વેણીલાલ ભાટિયા સ્વ.તા. ૦૭/૦૫/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી / વડીલ વિનોદભાઇ વેણીલાલ ભાટિયા (ઉ.વ. ૮૬)નું દુઃખદ અવસાન તા. ૦૭/૦૫/૨૦૨૬ને ગુરૂવારના રોજ થયેલ છે.

તેમની સ્મશાનયાત્રા ૦૮/૦૫/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૮-૦૦ કલાકે અમારા નિવાસસ્થાનેથી નીકળી ઉમરા રામનાથઘેલા સ્મશાનભૂમિ જશે.

સદ્ગતની પ્રાર્થના સભા તા. ૦૮/૦૫/૨૦૨૬ને શુક્રવારના રોજ સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાકે મહિડા ભવન, એન્જીનિયર્સની સંસ્થા, કેવલ ચોક, એસ.વી.એન.આઇ.ટી.ની સામે, નિલમ સોસાયટી, અઠવા, સુરત ખાતે રાખવામાં આવી છે.

લિ. ઉષાબેન વિનોદચંદ્ર ભાટિયા (પત્ની)
બેલીન વિનોદચંદ્ર ભાટિયા (પુત્ર) | નિમિષા બેલીન ભાટિયા (પુત્રવધુ)
કવિતા સત્યેનકુમાર ઠક્કર (પુત્રી) | સ્વ. સત્યેનકુમાર નંદલાલ ઠક્કર (જમાઇ)
વેણીલાલ કાળીદાસ ઠક્કર પરિવારના સૌને જયશ્રીકૃષ્ણ

નિવાસસ્થાનઃ એ-૧૨૦૧, કિનાર હાઇટ્સ, ગ્રીન સિટી રોડ, પાલ, ભાઠા, સુરત. મો.નં. 82005 52248